અપીલ અરજી નં.૩૪૨ તા.૧૨–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ–એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા.૮–૧૨–૦૯ ની અરજીથી (૧) બ્રિજ વસુધારા બિલ્ડીંગ પેટ્રોલપંપની સામે સારોલી, સુરત કડોદરા રોડ (૨) ૭૯,૮૦, કિશ્ના નગર ઈન્ડ.સોસા.પ્લોટ નં.૭૧ ની સામે લિંબાયત પુલની બાજુમાં, લિંબાયત ઝોનની પાછળ, સુરત. (૩) લિંબાયત ઝોનની સેન્ટ્રલ પાછળ ખાડી પાસે થઈ રહેલ મોટી ઈમારતમાં બાંધકામ ચાલુ છે. ઉપરોકત તમામ સ્થળ ઉપર બાંધકામ હાલમાં ચાલુ છે. જે વિકાસ પરવાનગી, કેટલા ક્ષેત્રફળ પાર્કીંગની સહીત પરવાનગી ન આપેલ હોય તો કરવામાં આવેલ કાયદેસર કાર્યવાહીની વિગતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૨–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૪૨/૨૦૦૯–૧૦

શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા.૮–૧૨–૦૯ ની અરજીથી (૧) બ્રિજ વસુધારા બિલ્ડીંગ પેટ્રોલપંપની સામે સારોલી, સુરત કડોદરા રોડ (૨) ૭૯,૮૦, કિશ્ના નગર ઈન્ડ.સોસા.પ્લોટ નં.૭૧ ની સામે લિંબાયત પુલની બાજુમાં, લિંબાયત ઝોનની પાછળ, સુરત. (૩) લિંબાયત ઝોનની સેન્ટ્રલ પાછળ ખાડી પાસે થઈ રહેલ મોટી ઈમારતમાં બાંધકામ ચાલુ છે. ઉપરોકત તમામ સ્થળ ઉપર બાંધકામ હાલમાં ચાલુ છે. જે વિકાસ પરવાનગી કેટલા ક્ષેત્રફળ, પાર્કીંગની સહીત પરવાનગી ન આપેલ હોય તો કરવામાં આવેલ કાયદેસર કાર્યવાહીની વિગતની માહિતી આપવા બાબત. સીટીઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૪૯૧ તા.૫–૧–૧૦ તથા કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૩૪૧૮ તા.૬–૧–૧૦ થી આપેલ માહિતી ગોળ–ગોળ અને ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૮૮ તા.૨૨–૧–૧૦ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૯૫૩ તા.૫–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.જેમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પાઠવેલ તા.૫–૧–૧૦ નો પત્ર તથા તા.૬–૧–૧૦ નો નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૫૧૮ ની નકલ તથા અરજદારે સ્પષ્ટતા અંગે તા.૧૨–૧–૧૦ ના રોજ પાઠવેલ પત્રની તેમજ તેઓ કક્ષાએથી અરજદારને પાઠવેલ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૯૫૨ તા.૫–૨–૧૦ ની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૮–૧૨–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે મુદ્દા નં.૧થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૪૯૧ તા.૫–૧–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) બ્રિજ વસુધારા બિલ્ડીંગ પેટ્રોલપંપની સામે સારોલી, સુરત કડોદરા રોડ ની પરવાનગી અને કાયદેસરની કાર્યવાહીની વિગત માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કત અંગે સ્થળ સ્થિતિ/લોકેશન શહેર વિકાસ વિભાગને સ્પષ્ટ થતી ન હોય યોગ્ય સુસ્પષ્ટ સ્થળ સ્થિતિ/લોકેશન જણાવ્યેથી માહિતી આપી શકાય તેવું જણાવેલ છે. (૨) ૭૯,૮૦, કિશ્ના નગર ઈન્ડ.સોસા.પ્લોટ નં.૭૧ ની સામે લિંબાયત પુલની બાજુમાં, લિંબાયત ઝોનની પાછળ, સુરતની પરવાનગી અને કાયદેસરની વિગત માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ક્રિષ્ના ઈન્ડ. સોસા.પ્લોટ નં.૭૧ ની સામે કોઈ પ્રકારનું બાંધકામ ધ્યાને નથી. વધુમાં યોગ્ય સ્થળ સ્થિતિ /લોકેશન સુસ્પષ્ટતા શહેર વિકાસ વિભાગને કર્યેથી માહિતી આપી શકાય. (૩) લિંબાયત ઝોનની સેન્ટ્રલ પાછળ ખાડી પાસે થઈ રહેલ મોટી ઈમારતમાં બાંધકામ ચાલુ છે. ઉપરોકત તમામ સ્થળ ઉપર બાંધકામ હાલમાં ચાલુ છે. જે વિકાસ પરવાનગી કેટલા ક્ષેત્રફળ, પાર્કીંગની સહીત પરવાનગી ન આપેલ હોય તો કરવામાં આવેલ કાયદેસર કાર્યવાહીની વિગતની માહિતી માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કત અંગે સ્પષ્ટ લોકેશન જણાવ્યેથી માહિતી આપી શકાય. તેવી વિગતો અરજદારને પૂરી પાડવામાં આવેલ. વધુમાં જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૩૫૧૮ તા.૬–૧–૧૦ થી પત્રથી તા.૮–૧૨–૦૯ ની અરજી મિલ્કતની સ્થળ સ્થિતિ તથા મિલ્કતના લોકેશન બાબત અંગે અસ્પષ્ટતા હોય, તેની માહિતી આપી શકાતી નથી. જેથી તા.૫–૧–૧૦ ના સંદર્ભે પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા લેખિતમાં સ્પષ્ટતા કરી જવા પત્ર પાઠવેલ. વધુ આ પત્ર ધ્વારા ફરીથી મિલ્કતની સ્થળ સ્થિતિ/લોકેશન વિગેરે બાબતની લેખિતમાં સ્પષ્ટતા થઈ જવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૧૨–૧–૧૦ ના રોજ નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૧૯૧ તા.૫–૧–૧૦ તથા નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૫૧૮ તા.૬–૧–૧૦ ના નિર્ણયથી નારાજ થઈ ગોળ ગોળ જવાબ આપેલ છે અને માહિતી આપી નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે.જેમાં માહિતી અધિકારી વિસ્તારથી વાકેફ નથી અને શિક્ષાત્મક અને દંડાત્મક કાર્યવાહી કરવી વધુમાં અરજદારે તા.૧૨–૧–૧૦ ના અલગ પત્રથી પણ મુદ્દા નં.૧ બ્રીજ વસુધારા નામના મોટી ઈમારતોના બાંધકામ ચાલુ છે જે બરાબર ભારત પેટ્રોલપંપની સામે જ

આવેલા છે. વધુ વિગતમાં ભારત કેન્સર હોસ્પિટલથી જરા આગળ છે. મુદ્દા નં.૨.પ્લોટ નં.૭૧ ની સામે ક્રિષ્નાનગરમાં બાંધકામ ચાલુ છે લીંબાયતપુલથી જરા જમણી સાઈડમાં છે. નારાયણ ઈન્ડ. ની સામે છે. મુદ્દા નં.૩. લીંબાયતઝોનની પાછળ ખાડી પાસે મોટી ઈમારતનું બાંધકામ ચાલુ છે. ત્રણેય મુદ્દાઓ સ્પષ્ટ છે. તેવું જણાવેલ છે.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૫–૨–૧૦ ના પત્રથી અરજદારને પુનઃ જણાવેલ છે કે મિલ્કતના સ્થળ સ્થિતિ, લોકેશન સ્પષ્ટ ન હોવાથી માહિતી આપી આપી શકાતી નથી. તેમ છતાં મુદ્દા નં.૨ અંગે પ્લોટ નં.૭૯ માં કોઈ બાંધકામ ચાલુ ન હોવાનું તથા પ્લોટ નં.૯૦ માં ખુલ્લો પ્લોટ ધ્યાને આવેલ હોવાની માહિતી આપેલ.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારીએ આપવા પ્રયત્ન કરેલ જણાય છે. અરજદારે ત્રણેય મુદ્દાઓમાં સ્થળ બાબતે વિસ્તાર જણાવેલ છે પરંતુ તે અંગે કોઈ વોર્ડ નંબર, સીટી સર્વે નંબર, બ્લોક નંબર, પ્લોટ નંબર કે સબ પ્લોટ નંબરના લોકશનો જણાવેલ નથી. આમ અરજદારની માહિતી સંદિગ્ધ છે જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ મિલ્કતો અંગેના નંબરો સહિતની ચોકકસ વિગતો પૂરી પાડી માહિતી મેળવવા જણાવેલ હોઈ અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીને મિલ્કતની ચોકકસ વિગતો પૂરી પાડી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

જાહેર માહિતી અધિકારી પક્ષે માહિતીના ઈન્કારનો કોઈ કેસ આ તબકકે બનતો ન હોઈ અપીલમાં કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડીસ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ